મેહરબાન જયુડીશયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કસાલ ,સેકન્ટ કોર્ટ, મુ.સુરત

ક્રિ.કેસ નં.૭૦૧૨ /૨૦૨૩

આંક :____

<u>ફરીયાદી</u> : શ્રી સરકાર.

વિરુધ્ધ...

<u>આરોપી</u> : કુલદીપભાઈ સનતભાઈ કાપડીયા

<u>ગુન્હો :ઈ.પી.કો. કલમ : ૩૦૪ અ,૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટની કલમ : ૧૭૭, ૧૮૪, મુજબ.</u>

// <u>ઠરાવ</u> //

ફરીયાદ પક્ષના કેસની વિગત ટૂંકમાં એવી છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટમાંા જણાવેલ વિગતે ગુન્હો કરેલ છે.

આરોપીએ આજ રોજ ઉપસ્થિત થઈ ગુન્હો કબુલાત પુરસીસ રજુ કરેલ છે, જેથી આરોપીને પુછતા આરોપીએ તેની સામેનો ગુન્હો સ્વેચ્છાએ ગુનો કબુલ કરવાનું જણાવી ,પોતાની ગુન્હા કબુલાત પુરસીસમાં જણાવેલ છે કે, આ તેનો પ્રથમ વખતનો ગુન્હો છે, તેઓ ગરીબ વર્ગના માણસ છે તેમના માતા પિતા ની તથા અને કુટુંબના ભરણ પોષણ અંગેની જવાબદારી તેમના શીરે છે અને આ ગુના બદલ તેઓને પસ્તાવો થયેલ છે અને આવો ગુન્હો ફરીથી નહીં બને તેવી ખાતરી આપી ના.કોર્ટ પાસે રહેમ અને દયાની અરજ કરેલ છે. આરોપીની સ્વેચ્છીક ગુના કબુલાત તથા ગુનાની ગંભીરતાને ધ્યાનમાં લઈ આરોપીને હળવી સજા કરવામાં આવે તો તે ન્યાયનો હેતૂ જળવાઈ રહેશે તેમ હું માનુ છું તેથી નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

// <u>હુકમ</u> //

આરોપીને ક્રિ.પ્રોસીઝર કોડની કલમ : ૨૫૨ અન્વયે ઈ.પી.કો.કલમ : ૩૦૪ અ,૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટની કલમ : ૧૭૭, ૧૮૪, મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ઈ.પી.કો. કલમ : ૩૦૪ અ માં રૂ.૧૦૦૦/–તથા કલમ : ૩૩૭ માં રૂ.૫૦૦/–કલમ તથા કલમ : ૩૩૮ માં રૂ.૫૦૦/–: તથા ૨૭૯ માં રૂ.૧૦૦/–માં તથા એમ.વી.એકટની કલમ :૧૭૭ માં રૂ.૨૦૦/–,તથા એમ.વી.એકટની કલમ :૧૮૪ માં રૂ.૨૦૦/–,નો દંડ કુલ ે રૂપિયા ૨૫૦૦/–(શબ્દોમાં રૂપિયા બે હજાર પાંચસો પુરાનો દંડ) અને દંડ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ : ૧૩ મી માહે : મે , સને.૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી હુકમ જાહેર કર્યો.

તારીખ : ૧૩/૦૫/૨૦૨૩.
સ્થળ : સુરત.

( જે.એસ.જાદવ )

( જજીસ કોડ નં.– જી.જે. ૧૪૨૪)

જયુડીશયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ ,સેકન્ટ કોર્ટ, સુરત.